# પાલનપુરના પ્રશ્નો અંગે કોંગ્રેસ પક્ષ દ્વારા પાલિકામાં રજૂઆત

**૧૫ દિવસમાં પ્રશ્નનો ઉકેલ નહી આવે તો ઉપવાસ આંદોલન કરવાની ચિમકી**



પાલનપુર, તા. ૨૧

પાલનપુર નગરપાલિકા દ્વારા વિકાસના કામોમાં થતી ગેરરીતિઓ અંગે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલે વિપક્ષી નગરસેવકો સાથે પાલિકા પ્રમુખ અને સી.ઓ.ને રજુઆત કરી હતી.

પાલનપુરના કોંગ્રેસના ધારાસભ્ય મહેશભાઈ પટેલ આજે પાલનપુર નગર પાલિકામાં પહોંચી ગયા હતા. જ્યાં તેઓએ વિપક્ષ કોંગ્રેસના નગરસેવકો સાથે પાલિકા પ્રમુખ હેતલબેન રાવલ અને ચીફ ઓફિસર સતીશ પટેલ સાથે મેરેથોન મિટિંગ યોજી હતી. જેમાં પાલનપુરની વિવિધ સમસ્યાઓ અંગે રજુઆત કરી હતી. જેમાં તેઓએ વિકાસના કામોમાં કંઈપણ ખોટું થશે તો નહીં ચલાવી લેવાની ચીમકી આપી હતી.

પાલનપુર નગરપાલિકા લોકોને પાણી, સફાઈ, લાઈટ અને રોડ જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ ઉણી ઉતરી હોવાનું જણાવતા ધારાસભ્ય મહેશ પટેલે રાજીવ આવાસ યોજના, ભૂગર્ભ ગટર યોજના સહિતની વિવિધ યોજનાઓમાં થયેલ ભ્રષ્ટચાર સામે સવાલ ઉઠાવ્યા હતા. જોકે, કોંગ્રેસ દ્વારા ઉઠાવેલ માંગણીઓ ૧૫ દિવસમાં નહિ સંતોષાય તો ઉપવાસ આંદોલન છેડવાની ચીમકી કોંગ્રેસે આપી હતી.

# બનાસકાંઠા માધ્યમિક શિક્ષક સંઘે બાંયો ચડાવી

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે અપાયું આવેદનપત્ર

પાલનપુર, તા. ૨૧

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નોને લઈને આજરોજ બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા કલેકટર તથા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર સુપરત કરાયું હતું. અને જો માગણી સંતોષવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.



અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના અગત્યના પ્રશ્નો બાબતે અગાઉ થયેલ સમાધાનની જાહેરાતોનો અમલ નહીં થતાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘે બાયો ચડાવી છે. બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના ઉપક્રમે આજરોજ પાલનપુર ખાતે પોતાના પડતર પ્રશ્નોને લઈને જિલ્લા કલેકટર અને જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં પાંચ વર્ષથી ફિક્સ પગારની નોકરીને તમામ હેતુઓ માટે સળંગ ગણવી, સાતમા પગાર પંચના એરિયર્સ પાંચ હપ્તામાં ચૂકવવામાં આવે, સી.પી.એફ અને વર્ધિત પેન્શન યોજના નાબૂદ કરી જી.પી.એફ અને જૂની પેન્શન યોજના અમલ કરવા સહિતની માગણીઓને લઈને અગાઉ સમાધાન થયું હતું. પરંતુ જે સમાધાન મુજબ જાહેરાત ન થતાં માધ્યમિક શિક્ષક સંઘે ફરી અવાજ ઉઠાવ્યો છે. જેને લઈને આજરોજ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા શિક્ષકોની પડતર માંગણીઓ સંદર્ભે ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ધરણાં અને ગાંધીનગર ખાતે પ્રતિક ઉપવાસ જેવા કાર્યક્રમો કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# જન્મદિને વધામણી



ઉમંગ વિનુભાઈ ભરવાડ
શરડી, તા.ધનસુરા



ગ્રેસી ત્રિલોકભાઈ પટેલ
દખણેશ્વર, તા.બાયડ



મનુભાઈ પટેલ
(પૂર્વ પ્રમુખ : જાયન્ટ્સ ગ્રુપ બાયડ)
માધવકંપા, તા.બાયડ



વાસ્વદત્તા નાયક
(ક્રિષ્ણા દિવાની કવિયત્રી)
હિંમતનગર



જેનિલ કીરીટભાઈ પટેલ
કેશરપુરાકંપા, તા.મોડાસા



સુરેશભાઈ ડી.દરજી
(સેલ્સ મેનેજર : અવધ સીડ્સ-અમદાવાદ)
બાયડ (ડાભા)



મંદાબેન સુરેશભાઈ દરજી
બાયડ (ડાભા)



વિજય પ્રજાપતિ
(એ.યુ.સ્મોલ ફાઈનાન્સ બેન્ક)
બાયડ, જિ.અરવલ્લી



રોહિતભાઈ એન. પટેલ
(એમ.પી.મિશન હાઈસ્કુલ)
અમદાવાદ (હઠીપુરા)



નરેન્દ્ર ઝાલા
ડેમાઈ, તા.બાયડ



નિમેષ એન. પટેલ
(જાન્સી સાડી સેન્ટર)
બાયડ, જિ.અરવલ્લી



ઘરમાં રહો, સુરક્ષિત રહો

# પાલનપુર નગરપાલિકાને ભૂગર્ભ ગટર માટે જગ્યા ફાળવાઈ

**પાલિકા દ્વારા જગ્યામાં રહેલા વૃક્ષોનું માર્કિંગ કરાયું : વૃક્ષોનું નિકંદન નીકળશે**

પાલનપુર, તા. ૨૧

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ને ભૂગર્ભ ગટર યોજના માટે ઓક્સીડેશન પોન્ડ બનાવવા આકેસણ ગામમાં જમીન



ફાળવાઈ છે. જે જગ્યામાં રહેલા વૃક્ષોનું માર્કિંગ કરવાની આજે કાર્યવાહી હાથ ધરાઈ હતી. જોકે, ગ્રામજનોના વિરોધ વચ્ચે પાલિકાનો ઓક્સીડેશન પોન્ડ બનવા જઈ રહ્યો છે. ત્યારે ગ્રામજનોમાં છૂપો રોષ જોવા મળ્યો હતો. ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની યોજનાનો ઓક્સીડેશન પોન્ડ સદરપુરથી આકેસણ ગામમાં બનાવવાનો નિર્ણય કરાયો હતો. જેને પગલે સરકાર દ્વારા ગ્રામપંચાયત અને ગ્રામજનોની ઉપરવટ જઈ આકેસણ ગામમાં ઓક્સીડેશન પોન્ડ માટે ૨૮,૦૦૦ ચોરસ ફુટ જગ્યા ફાળવવામાં આવી છે. જેમાં વન વિભાગ દ્વારા ૨૫૦૦ જેટલા વૃક્ષો વાવેલા છે. જે વૃક્ષો પર માર્કિંગ ખરડો કરવાની કાર્યવાહી આજે હાથ ધરાઈ હતી. જેમાં પાલિકા પ્રમુખ હેતલબેન રાવલ, ચીફ ઓફિસર સતીશ પટેલ, પોલીસ, ફોરેસ્ટ, રેવન્યુ વિભાગ સહિત નો કાફલો હાજર રહ્યો હતો. જગ્યાનો કબજો મળેથી ભૂગર્ભ ગટર યોજના કાર્યરત થશે જેનો લાભ ૧,૭૦,૦૦૦ શહેરીજનોને મળશે તેવું ચીફ ઓફિસર સતીશ પટેલે જણાવ્યું હતું. જોકે, આકેસણના સરપંચ જીવરામ ભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ઓક્સીડેશન પોન્ડ માટે જગ્યા ફાળવવા સામે અમારો વિરોધ હતો. છતાં સરકારે ગ્રામજનોની એકપણ રજુઆત સાંભળ્યા વગર અમારા ગામતળ ફાળવવા સહિતની માંગણીઓને અવગણી પાલિકાને આ જગ્યા ફાળવી દીધી છે. દરમિયાન, શાંતિભાઈ ચૌધરીએ પાલિકાને ફાળવેલ જગ્યાથી અહીં ગટરનું ગંદુ પાણી આવવાથી ગ્રામજનો ના જાહેર આરોગ્ય સામે ખતરો હોવાની દહેશત વ્યક્ત કરી હતી.

## અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચામાં નિમણૂક કરાઈ

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા માં વિવિધ નિમણૂકો કરાઈ હતી જેમાં કા.સભ્ય તરીકે આનંદ કાંતિલાલ પટેલ(હીરાપુર ચિલ્લા) ની નિમણુંક કરવામાં આવી હતી તો મંત્રી તરીકે



જયેશભાઈ ઠાકોર ની નિમણૂક કરવામાં આવી હતી ધનસુરા તાલુકાના હિરાપુર ચિલ્લા ના વતની આનંદભાઈ પટેલ યુવા અગ્રણી છે જેમની અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા માં કા. સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી જેણે લઈ અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતાં અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ ધ્વારા અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા માં ઉપપ્રમુખ,મંત્રી કા. સભ્ય સહિત વિવિધ હોદ્દેદારો ની નિમણૂક કરવામાં આવી હતી

## બકરી ઈદની પૂર્વ સંધ્યાએ રૂરલ પોલીસે અમલાઈ નજીકથી ૫૧ પશુઓ બચાવી લીધા



મોડાસા, તા. ૨૧

મોડાસા શહેરના ચાંદટેકરી,રાણાસૈયદ અને કસ્બા વિસ્તારમાં અનેક ગેરકાયદેસર કતલખાના વર્ષોથી ધમધમી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ પશુઓને ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલતા કસાઈઓ પર તવાઈ બોલાવી છે બકરીઈદની પૂર્વ સંધ્યાએ ટાઉન પોલીસે ચાંદટેકરી વિસ્તારમાંથી ૧૪ અને રૂરલ પોલીસે અમલાઈ નજીકથી ૫૧ પશુઓ અને ગૌવંશને બચાવી લઈ ઈડર પાંજરાપોળ મોકલી આપ્યા હતા માલપુર ખલીકપૂરનો કાળાભાઈ ભરવાડ નામનો શખ્સ પીકઅપડાલાં બે ગાયને કતલખાને લઈ જતો માલપુર પોલીસે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

## જાદર સરકારી કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



નેત્રામલી, તા. ૨૧

સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદર ખાતે તા.૧૯/૦૭/૨૧ ને સોમવારના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પર્યાવરણ જાગૃતિના ભાગરૂપે કૉલેજમાં કાર્યરત એન.એસ.એસ વિભાગ અને સામુદાયિક સેવા ધારા તેમજ જાદર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. આર.જી. મેઘનાથી, જાદર ગ્રામ પંચાયતના સરપંચ સોનલબેન વણકર,જનકભાઈ વણકરની પ્રેરક ઉપસ્થિતમાં કૉલેજ પરિસરમાં જુદી-જુદી જાતના રોપા વાવીને એના ઉછેર માટે સૌએ સંકલ્પ લીધા હતા.

## ધનસુરામાં ગૌરી વ્રતની શરૂઆત થતા બાળકીઓ દ્વારા પૂજા કરાઈ હતી

ધનસુરા, તા. ૨૧

ગૌરીવ્રતનું હિન્દુ ધર્મમાં



ખૂબ જ મહત્વ છે ધનસુરામાં ગૌરી વ્રતનો પ્રારંભ થતા બાળકીઓ દ્વારા જવારા પૂજા કરાઈ હતી અષાઢ મહિના મા અગિયારસથી પાંચ દિવસ શ્રી ગૌરી વ્રતની પૂજા થશે જેમાં અવિવાહિત યુવતીઓ સારા પતિ ની કામના માટે વ્રત કરે છે ગૌરી વ્રતમાં પાર્વતી અને શિવજી ની પૂજા અર્ચના કરવામાં આવે છે ધનસુરા માં ગૌરી વ્રત કરતી બાલિકાઓ નું કુમકુમ અક્ષત થી પૂજન કરવામાં આવ્યું હતું અને ચીકી અને ફ્રૂટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

## માલસરથી અંબાજી નાઈટ આઉટ બસ ચાલુ કરવા ઈડર-ખેડબ્રહ્મા પંથકના લોકોની માંગ

નેત્રામલી, તા. ૨૧

ગુજરાત એસટી ડિવિઝન દ્વારા તાજેતરમાં અનેક નવા મુસાફરી રૂટ ચાલુ કરવામાં આવ્યા છે ત્યારે ડભોઈ, શિનોર , સાધલી, માલસર બાજુ એક પણ રૂટ ચાલુ કરવામાં ન આવતા ઈડર પંથકના આજુબાજુના ગામના લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.આ પંથકના લોકોને અવાર નવાર વડોદરા, ડભોઈ, શિનોર, માલસર, સાધલી બાજુ સગાંસંબંધીઓ વસવાટ કરતા હોય સામાજિક કામ અર્થે માટે મુસાફરી કરતા હોય છે. અંબાજીથી પાદરા અને અંબાજીથી જંબુસર અડધા કલાક ના અંતરે બે બસો એકજ રૂટ ઉપર વહેલી સવારે દોડે છે તેની જગ્યાએ અંબાજી થી માલસર વાયા ખેડબ્રહ્મા, વડાલી,ઈડર, હિંમતનગર, અમદાવાદ, વડોદરા, ડભોઈ, શિનોર, સાધલી રૂટ ઉપર ચાલુ કરી વહેલી સવારે બસ ઉપડે અને સાંજે પરત ફરે તેવી નાઈટ આઉટ બસ સર્વિસ ડભોઈ ડેપો અથવા અંબાજી ડેપો દ્વારા સત્વરે ચાલુ કરવામાં આવે તેવી ઈડર - ખેડબ્રહ્મા પંથકના લોકોની માગ ઉઠવા પામી છે.

## અવસાન નોંધ



બાયડ : ધનસુરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી કૃષ્ણકુમાર બાબુભાઈ પટેલ(અંતિસરા)ના સસરા મગનભાઈ પુંજાભાઈ પટેલ(પુંસરી)નું નિધન થયેલ છે.

# યાત્રાધામ બાલારામ નદીમાં ગંદકીથી યાત્રાળુઓમાં કચવાટ

## સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નદીની સફાઈ કરવામાં આવે તે જરૂરી : કેટલાક પર્યટકો દ્વારા નાસ્તો કરી કચરો નદીમાં નાખવામાં આવતો હોવાની રાવ : નદીમાં ગંદકી ન કરવાના જાગૃતીના બોર્ડ મારવા જોઈએ

પાલનપુર, તા. ૨૧

પાલનપુર તાલુકાના બાલારામ ખાતે શિવજીનું મંદિર આવેલુ છે.જેની બાજુમાંથી બાલારામ નદી પસાર થાય છે.બાલારામમાં આવતા પર્યટકો દ્વારા નાસ્તાનો કચરો તેમજ ખંડીત મૂર્તીઓ અને ભગવાનના ફાટેલા-તુટેલા ફોટા નદીમાં નાખવામાં આવે છે.જેના કારણે નદી ગંદકીથી ખદબદી રહી છે.લાંબા સમયથી સફાઈ ન થયેલી હોવાના કારણે કચરાના થર જામી ગયા છે.અને ભૂંડ પણ નજરે પડી રહ્યા છે.સ્વૈચ્છિક સંસ્થાઓદ્વારા નદીની સફાઈ કરવામાં આવે તે જરૂરી છે.





બનાસકાંઠામાં લાંબા સમયથી કોરોનાની મહામારી ચાલી રહી હતી.કોરોનાના કેસોમાં ઘટાડો થતા મંદિરો ખોલવામાં આવ્યા છે.જેથી રજાના દિવસે ધાર્મિક સ્થળો પર લોકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. પાલનપુર તાલુકાના બાલારામ ખાતે શિવજીનું અતિપ્રાચીન મંદિર આવેલુ છે.આ મંદિરના ઘેરાવામાં લીલા ઝાડ આવેલા હોવાથી આ સ્થળ રમણીય બન્યુ છે.આ મંદિરે શ્રાવણ માસના ચાર સોમવારે મેળો ભરાય છે.અને મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ બાલારામ ખાતે આવી શિવજીના દર્શન કરતા હોય છે.પરંતુ કોરોના કારણે લાંબા સમયથી મેળવડાઓ બંધ છે.પરંતુ પરિવારના સભ્યો રજાના દિવસે પર્યટકો બાલારામ ખાતે આવતા હોય છે.અને શિવજીના દર્શન કરી બાજુમાં આવેલ બાલારામ નદીના પટમાં બેસી કુદરતી વાતાવરણનો આનંદ માણતા હોય છે.તેમજ કેટલાક પર્યટકો તેમની સાથે લાવેલ નાસ્તો કરી કચરો તેમજ ખંડીત મૂર્તીઓ અને ભગવાનના ફાટેલા ફોટા નદીમાં નાખી નદીને દુષિત કરે છે.

લાંબા સમયથી વરસાદ ન થવાના કારણે નદીના પટમાં કચરાના ઢગ ખડકાયા છે.બીજી તરફ કોરોના ના કારણે લાંબા સમયથી કોઈ સંસ્થા દ્વારા નદીની સફાઈ કરવામાં ન આવેલી હોવાથી નદીમાં કચરાના ઢગલા તેમજ ભૂંડ ફરતા જોવા મળી રહ્યા છે. જેથી અત્યારે જે યાત્રીકો દર્શન કરવા જાય છે.તે નદીમાં કચરો જોઈ કચવાટ અનુભવી રહ્યા છે.તો જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવી નદીની સફાઈ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.તંત્ર દ્વારા પણ આ બાબતે ગંભીરતા દાખવી નદીની સફાઈ કરાવવામાં આવે તે જરુરી છે.

### નદીમાં ગંદકી કરનાર વ્યકિતને દંડ કરવો જોઇએ, હરેશભાઇ ચૌધરી, સદ્દભાવના ગૃપ ચેરમેન

નદીની પૂજા થતી હોય છે.જેથી નદીમાં ગંદકી કરવી ન જોઈએ તેમજ નદીના વિસ્તાર તેમજ મંદિરની આજુબાજુમાં ગંદકી ન કરવા અંગેના વધુમાં વધુ સુચનાના બોર્ડ લગાવી લોકોમાં જાગૃતી લાવવી જોઈએ તેમ છતાં કોઈ પર્યટક દ્વારા નદીમાં કચરો નાખી ગંદકી કરવામાં આવતી હોય તેવી વ્યક્તિ પાસેથી દંડ વસુલ કરવો જોઈએ તેમજ વ્રતમાં પ્લાસ્ટિક ઓફ પેરીસની મૂર્તિનો ઉપયોગ ન કરી પૂજામાં માટીની મૂર્તિનો ઉપયોગ કરવો જોઈએ જેથી નદીમાં માટીની મૂર્તિઓ સહેલાયથી ઓગળી શકે છે.તેમજ સદભાવના ગૃપ દ્વારા આગામી દિવસોમાં નદીની સફાઈ કરી સ્વચ્છ કરવાનું અભિયાન હાથ ધરવામાં આવશે.

### વરસાદ ન થવાના કારણે અત્યારે નદીમાં પાણીની આવક નથી

બનાસકાંઠામાં વરસાદનું પ્રમાણ અત્યારે ખુબ ઓછુ હોવાના કારણે બાલારામ નદીમાં માત્ર પાણીના ખાબોચીયા ભરેલા છે.તેમાં પણ પર્યટકો દ્વારા ખંડીત મૂર્તિઓ તેમજ ભગવાનના ફોટાઓ અને પૂજાપો નાખી નદીને દુષિત કરવામાં આવી રહી છે.જેથી તે વિસ્તારમાં યાત્રીકો જવાનું ટાળતા હોય છે.